


## અંકલેશ્વરમાં 8 ફૂટ ઊંડા ખાડામાં મોપેડ ખાબક્યું

**અકસ્માતમાં** ચાલકનો આબાદ બચાવ

અંકલેશ્વર: અંકલેશ્વર શહેરના હસ્તી તળાવ નજીક નગર સેવાસદન દ્વારા ચાલી રહેલી ડ્રેનેજ લાઇનની કામગીરી દરમિયાન ખોદવામાં આવેલા આશરે 8 ફૂટ ઊંડા ખાડામાં એક મોપેડ ખાબકી હતી. સદભાગ્યે આ અકસ્માતમાં મોપેડ ચાલકનો આબાદ બચાવ થયો હતો. જો કે, મોપેડને નુકસાન પહોંચ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર ડ્રેનેજ લાઇન નાંખવા માટે માર્ગ પર ખાડો ખોદવામાં આવ્યો હતો, પરંતુ ત્યાં કોઇ ચેતવણી બોર્ડ કે બેરિકેડ મૂકવામાં આવ્યાં ન હોવાથી મોપેડ ચાલકને ખાડાની જાણ ન થઈ અને તે સીધો ખાડામાં ખાબક્યો હતો.

અકસ્માતની જાણ થતાં આસપાસના સ્થાનિક લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ચાલકને બહાર કાઢવામાં મદદ કરી હતી. ઘટનાને પગલે સ્થાનિકોએ નગર સેવાસદન સામે સુરક્ષા નિયમોની ગંભીર અવગણનાનો આક્ષેપ કર્યો છે. સ્થાનિકોનું કહેવું છે કે, ખુલ્લા ખાડા પાસે કોઈપણ પ્રકારની સુરક્ષા વ્યવસ્થા ન હોવાને કારણે વાહનચાલકો તેમજ રાહદારીઓ માટે ગંભીર જોખમ ઊભું થયું છે.





## આમોદમાં કૂતરાંએ 4 બાળકને બચકાં ભર્યાં

**બાળકોને** બચકાં ભરી લોહીલુહાણ કરતાં રહીશોમાં ભારે રોષ

આમોદ, ભરૂચ: ભરૂચ જિલ્લાના આમોદ નગરમાં રખડતાં કૂતરાંના વધતા જતાં ત્રાસે પરાકાષ્ઠા વટાવી છે. તાજેતરમાં નગરના અલગ-અલગ વિસ્તારોમાં રમી રહેલાં ચાર માસૂમ બાળકો પર કૂતરાંએ હિંસક હુમલો કરી તેમને લોહીલુહાણ કરી દેતાં સમગ્ર પંથકમાં ભયનો માહોલ ફેલાયો છે. આ ઘટનાને પગલે સ્થાનિક વાલીઓ પોતાનાં બાળકોની સુરક્ષાને લઈને અત્યંત ચિંતિત બન્યાં છે. ત્યારે આ બાબતે ઝડપી કામગીરીની માંગ ઊઠી છે.

ઘટનાની વિગત મળતી માહિતી મુજબ, કૂતરાઓના હુમલામાં રોહન મોહસીન પટેલ (ઉં.વ.4), યાસીન એસ.ખત્રી (ઉં.વ.6), અબુબકર સૈયદ ખત્રી (ઉં.વ.5) અને મોહમ્મદ અલી સોયબ દાયમા (અઢી વર્ષ) ગંભીર રીતે ઘાયલ થયા છે.

કૂતરાંએ બાળકોને શરીરના ભાગે બચકાં ભરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. તમામ ઈજાગ્રસ્ત બાળકોને તાત્કાલિક આમોદ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યાં હતાં. જો કે, બે બાળકોની હાલત વધુ ગંભીર જણાતા તેમને વધુ સારવાર અર્થે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યાં છે.

આ ઘટનાથી રોષે ભરાયેલા રહીશો મોટી સંખ્યામાં આમોદ નગરપાલિકા કચેરી ખાતે દોડી ગયા હતા. રહીશોએ મુખ્ય અધિકારી પંકજ નાયક સમક્ષ ઉગ્ર રજૂઆત કરી હતી કે લાંબા સમયથી રખડતાં કૂતરાંનો ત્રાસ હોવા છતાં પાલિકા તંત્ર નિદ્રાધીન છે. રહીશોએ માગ કરી હતી કે વહેલી તકે આ હિંસક કૂતરાઓને પકડવામાં આવે જેથી અન્ય કોઈ બાળક ભોગ ન બને.

આ મામલે નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર હિતેશ અસારીએ જણાવ્યું હતું કે, લોકોની રજૂઆત અમને મળી છે અને પરિસ્થિતિની ગંભીરતાને જોતા તાત્કાલિક રખડતાં કૂતરાંને પકડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. હવે જોવાનું એ રહે છે કે પાલિકા તંત્ર આ દિશામાં કેટલી ઝડપી કામગીરી કરે છે કે પછી હજુ કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોવાય છે.

## SIR: મૃતકની સહીથી અરજી જીવિત મતદારોનાં નામ કપાયાં

**ભરૂચમાં** SIR કામગીરીથી વિવાદનો વંટોળ

**થામ** ગામના લોકોએ પ્રબળ તપાસની માંગ કરી

ભરૂચ: ખાસ મતદાર યાદી સુધારણા (SIR) કામગીરી દરમિયાન થામ ગામમાં જીવિત મતદારોના નામ કાપવા માટે મૃતકોની સહીઓ વાપરીને ફોર્મ-7 ભરવાનો ગંભીર વિવાદો સામે આવ્યા છે. ગ્રામજનોએ તટસ્થ તપાસની પ્રબળ માંગ કરી છે. ભરૂચ જિલ્લાભરમાં 89 હજારથી વધુ નામ કાપવા માટેની અરજીઓ તંત્રને મળતાં ઘણા કિસ્સાઓમાં શંકાની સોચ ઉદભવી રહી છે. થામ ગામમાં અંદાજે 150 જેટલા લોકોનાં નામ મતદાર યાદીમાંથી કાપવા માટે ખોટી સહીઓ સાથે અરજીઓ તંત્રમાં કરી છે. મતદાર અબ્દુલ મુસ્તફા ગોરજીએ આક્ષેપ કર્યો કે, કોઇ સંજય નામના વ્યક્તિએ તેમને મૃત દર્શાવી નામ કાપવાની અરજી કરી છે, જ્યારે તેઓ હજુ હયાત છે. તંત્ર હજુ સંજય નામના વ્યક્તિને ઓળખતા પણ નથી એવી કમનસીબી છે. સલીમ અહમદ પટેલે જણાવ્યું કે, નામ કાપવા માટે અરજી કરી છે.

જો કે, અરજીકર્તા તરીકે દર્શાવવામાં આવેલા અહમદ આદમ પટેલનું 24 માર્ચ-2024ના રોજ અવસાન થઈ ચૂક્યું છે. ફોર્મ-7માં કરવામાં આવેલી સહી ખોટી હોવાનું સામે આવ્યું છે. મૃત પામેલા વ્યક્તિના નામે અરજી કરવી એ ગંભીર ભૂલો અને બેદરકારી હોવાનો આક્ષેપ થયો છે.

ગામના ઉપસરપંચ ઇસ્માઇલભાઈએ જણાવ્યું હતું કે, SIR કામગીરી દરમિયાન 150થી વધુ શંકાસ્પદ ફોર્મ-7 ભરાયાં છે, જેમાં જીવિત લોકોને મૃત બતાવવાના અને મિત્રો-ઓળખાણવાળાનાં નામ લખી ખોટી અરજીઓ કરવાના કિસ્સા સામે આવ્યા છે. જે બાબતે મામલતદારને લેખિત રજૂઆત કરી તપાસની માંગ કરી છે.

## નોંધણા ગામે ખેતરોમાં પાણી ભરાતાં ખેડૂતો નોંધારા બન્યા

**જંબુસર** નગરપાલિકાની પાણીની લાઇન ઓવરફ્લો થતાં ખેડૂતોની હાલત કફોડી



ભરૂચ: જંબુસરના નોંધણા ગામે ખેતરોમાં પાણી ભરાતા ઊભો પાક નષ્ટ થવાની ભીતિ સર્જાઈ છે. જંબુસર નગરપાલિકાની અંડરગ્રાઉન્ડ પાણીની લાઈન ઓવરફ્લો થતાં આ સ્થિતિ સર્જાઈ છે. સારોદથી જંબુસર નગરને પીવાનું પાણી પૂરું પાડતી આ લાઈનના કારણે ખેડૂતોની હાલત કફોડી બની ગઈ છે.

ખેતરોમાં પાણી ભરાતા કપાસ, તુવેર અને દીવેલા જેવા પાકને મોટું નુકસાન થયું છે. ખેડૂતોએ નારાજ થઈને જણાવ્યું કે, પાણી ભરાવાને કારણે પાક સડી ગયો છે. આ પાક નુકસાનના કારણે ખેડૂતોએ સરકાર પાસે યોગ્ય વળતરની માંગ કરી છે. પાણી છોડાતા ખેડૂતોને આર્થિક ફટકો પડતાં નોધારા બનવાનો વારો આવ્યો છે.

અકળાયેલા ખેડૂતોએ જણાવ્યું હતું કે, આ સમસ્યા અંગે વારંવાર રજૂઆતો કરવા છતાં આજદિન સુધી કોઈ ઉકેલ આવ્યું નથી અને ફરિયાદોને ધ્યાનમાં લેવામાં આવતી નથી. તેને કારણે ખેડૂતોની આવી હાલત થાય છે.

**કેનેડામાં પુત્ર માટે બે વર્ષ વર્ક પરમિટ લઈ કાયમી સ્થાયી થવાની લ્હાયમાં**

## વ્યારાની વિધવા શિક્ષિકાએ 42 હજાર કેનેડિયન ડોલર ગુમાવ્યા

**કેનેડામાં** રહેતા વ્યારાના પ્રિયાંક વ્યાસની કરતૂત

**અંદાજિત** 25.83 લાખની ઠગાઈ થતાં વ્યારાના દંપતી સામે ગુનો નોંધાયો

વ્યારા: તાપીના વ્યારા નગરમાં 42 હજાર કેનેડિયન ડોલર અંદાજિત 25.83 લાખની ઠગાઈનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મળતી માહિતી મુજબ નંદાબેન જીગરભાઈ શાહ (ઉં.વ.52) (ધંધો-શિક્ષિકા) (રહે.,સુરતી બજાર, વ્યારા) વ્યારામાં ખાનગી શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. જેમના પતિ જિગર શાહનું પચ્ચીસેક વર્ષ અગાઉ અવસાન થયું હતું. વિધવા શિક્ષિકાના કેનેડામાં છે, એ પૈકી મોટો દીકરો પાર્થ (ઉં.વ.31) 2 વર્ષની વર્ક પરમિટના આધારે પ્રિયાંક વ્યાસની શોપમાં કામ કરતો હતો. અન્ય બે જોડિયા દીકરા ભાવિક અને ભાવિન (ઉં.વ.27) બંને પણ હાલ કેનેડામાં સ્ટડી વિઝા પર અભ્યાસ અને સાઈડમાં જોબ કરી રહ્યા છે. ત્યારે વર્ષ-2024 દરમિયાન આરોપી પ્રિયાંક રશ્મિકાંત વ્યાસ અને તેની પત્ની રીધીકા વ્યાસે ફરિયાદીના પુત્ર પાર્થને કેનેડામાં કેલગરી નજીક એરડ્રીમાં બર્ગર શોપ (ફ્રેન્ચાઇઝી)માં બે વર્ષ નોકરી આપવા માટે વિશ્વાસમાં લઈ કેનેડામાં કાયમી રેસિડન્ટ પરમિટ મળવાની લાલચ આપી ફરિયાદી શિક્ષિકા અને તેના પુત્ર પાર્થ પાસેથી 42 હજાર કેનેડિયન ડોલર અંદાજિત 25.83 લાખ રૂપિયા પડાવી લીધા હતા અને શિક્ષિકાના પુત્ર પાર્થને કેનેડા સ્થિત એરડ્રીમાં બર્ગર શોપ (ફ્રેન્ચાઇઝી)ની નોકરીમાંથી કાઢી મૂકી જાણ બહાર ફ્રેન્ચાઇઝી બારોબાર બીજા શખ્સને આપી દેતાં શિક્ષિકા અને તેના પુત્ર સાથે વિશ્વાસઘાત થતાં શિક્ષિકાએ વ્યારા પોલીસ મથકમાં ફરિયાદ આપતાં પોલીસે પ્રિયાંક રશ્મિકાંત વ્યાસ અને તેની પત્ની રીધીકા વ્યાસ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### બારડોલીના મસાડ ગામમાં મારામારીની ઘટનામાં 13 આરોપીને જેલમાં ધકેલાયા

બારડોલી: બારડોલીના મસાડ ગામે પ્રેમ પ્રકરણના વેરઝેરમાં આદિવાસી પરિવારના સભ્યોને ઝાડ સાથે બાંધીને નિર્દયતાથી માર મારવાની ઘટનાએ સમગ્ર રાજ્યમાં ચકચાર મચાવી છે. કાયદો હાથમાં લેનારાં તત્ત્વો સામે લાલ આંખ કરતાં પોલીસે ધરપકડ કરાયેલા તમામ 13 આરોપીને કોર્ટમાં રજૂ કર્યા હતા, જ્યાંથી તેમને જેલભેગા કરવાનો હુકમ કરવામાં આવ્યો છે. ઘટનાની વિગત મુજબ ગામના એક યુવક અને યુવતીના ભાગી જવાના મામલે ઉશ્કેરાયેલા ટોળાએ યુવકના નિર્દોષ માતા, ભાઈ અને બહેનને જાહેરમાં ફટકાર્યા હતા. આ મામલે બારડોલી ગ્રામ્ય પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરીને ફરિયાદમાં દર્શાવેલા મુખ્ય 13 આરોપીની અટકાયત કરી હતી. ગુરુવારે સાંજે આ તમામ આરોપીઓને ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ સ્થાનિક કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટે મામલાની ગંભીરતા અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિને ધ્યાને રાખી તમામ આરોપીઓને જ્યુડિશિયલ કસ્ટડી હેઠળ સુરતની લાજપોર મધ્યસ્થ જેલમાં મોકલી આપવાનો આદેશ કર્યો છે. પોલીસે આ કેસમાં એટ્રોસિટી એક્ટ અને રાયોટિંગ જેવી કડક કલમો લગાવી હતી.

### ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘની સંસદ કૂચ

સાયણ: અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘના આહવાન હેઠળ RTE કાયદા પૂર્વે નિયુક્ત થયેલ શિક્ષકોને TET પરીક્ષામાંથી મુક્તિ તેમજ 2005 પછી નિયુક્ત થયેલ શિક્ષકોને જૂની પેન્શન યોજના (OPS)નો લાભ મળે, NEP-2020ની હાનિકારક જોગવાઈઓ પાછી ખેંચવી, લઘુત્તમ વેતન અને શિક્ષણ સિવાયની કામગીરીમાંથી સંપૂર્ણ મુક્તિ જેવા વ્યાજબી અને ન્યાયસંગત મુદ્દાઓ સંદર્ભે તા.5 ફેબ્રુઆરીનાં રોજ દિલ્હી ખાતે જંતર મંતરથી સંસદ તરફ કૂચનો શાંતિપૂર્ણ અને શિસ્તબદ્ધ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા, મહામંત્રી જૈમિનભાઈ પટેલ, સિનિયર ઉપપ્રમુખ કિરીટભાઈ પટેલ સહિત રાજ્યનાં તમામ જિલ્લાઓનાં પ્રમુખ, મહામંત્રી સહિતનાં હોદ્દેદારો જોડાયા હતા.

### પલસાણામાં સ્પર્શ લેપ્રોસી અવેરનેસ કેમ્પેઇન અંતર્ગત રેલી યોજાઈ

પલસાણા: પલસાણા તાલુકામાં તા.૬-૨-૨૦૨૬ના રોજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.અનિલ પટેલના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા રક્તપિત્ત અધિકારી ડો.જિગ્નેશ પટેલની સૂચના મુજબ સ્પર્શ લેપ્રોસી અવેરનેસ કેમ્પેઇન (SLAC) - Ending Discrimination, Ensuring Dignity અંતર્ગત એન્ટી લેપ્રોસી પખવાડિયાની ઉજવણી કરવામાં આવી હતી. આ અભિયાનના ભાગરૂપે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વનેસા દ્વારા અમલસાડી ગામમાં ઉત્તર બુનિયાદી શાળાના વિદ્યાર્થીઓ દ્વારા લેપ્રોસી અંગે જનજાગૃતિ રેલીનું આયોજન કરાયું હતું.

### પાસોદરા પાટિયા પાસે યુવાનનું મોત

કામરેજ: કામરેજના નવાગામ પાટિયા પાસે આવેલા મનસ્વી બિઝનેસ હબની કન્સ્ટ્રક્શન સાઈટ પર બીજા માળ પર કામ કરતો મોહમદ મુજલીમ ઉસ્માન શેખ (ઉં.વ.36) (મૂળ રહે.,મન્ના ટોલી, જિ.દિનાજપુર, પશ્ચિમ બંગાળ) કામ કરી રહ્યો હતો. ત્યારે ગત તા.19-12-25ના રોજ સવારે 11.30 કલાકે પડી જતાં શરીરે ગંભીર ઈજા થતાં સુરતની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. હોસ્પિટલમાં સારવાર દરમિયાન ગુરુવારે મોત નીપજ્યું હતું. જે અંગે કામરેજ પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### વેરીસાલપુરામાં તાડીના રૂપિયા બાબતે હુમલો

રાજપીપળા: નાંદોદના વેરીસાલપુરા ગામે ઘરના આંગણામાં બેસેલા એક વ્યક્તિ પર બે શખ્સે હુમલો કર્યો હતો. તાડીના બાકી રૂપિયા માંગતા હુમલો કરતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. નાંદોદના વેરીસાલપુરા ગામના ઉપલા ફળિયામાં રહેતા ૫૦ વર્ષીય અર્જુનભાઈ મંગાભાઈ વસાવા મજૂરીકામ કરે છે. તા.૫ ફેબ્રુઆરી-૨૦૨૬ના રોજ સાંજે ૪ વાગ્યે તેઓ ઘરઆંગણે બેઠા હતા. એ વેળા તાડીના બાકી 700 રૂપિયા માંગવા બાબતે ગરૂડેશ્વરના ગડીજંતર ગામના ફૂલસિંગભાઈ રણજીતભાઈ વસાવા અને રસિકભાઈ રણજીતભાઈ વસાવાએ લોખંડના પાળિયા અને દાતરડાથી હુમલો કર્યો હતો. આ બાબતે પોલીસે આ બંને શખ્સ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

## આહવાના દંપતીને પિકઅપ સાથે અકસ્માત, પત્નીનું મોત

**રૂપવાડા** પાસે પિકઅપ ટેમ્પોએ બાઇકને ટક્કર મારી

વ્યારા: વ્યારાના રૂપવાડા ગામની સીમમાં ટેકરી ફળિયામાં કપુરા તરફ જતાં રોડ પર અજાણ્યા પિકઅપના ચાલકે બાઈકને સામેથી ટક્કર મારતાં બાઈક પર સવાર દંપતીને ગંભીર ઈજા થતાં 108 એમ્બ્યુલન્સ મારફતે વ્યારા રેફરલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યું હતું. જ્યાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે સુરત નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યું હતું. પરંતુ મહિલાનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

મળતી માહિતી મુજબ તા.4-2-2026ના રોજ મધુભાઈ લાહનુભાઈ ગાયકવાડ (ઉં.વ.33) (રહે.,પથરૂમ, તા.બારડોલી, જિ.સુરત, મૂળ રહે.,કામદ ગામ, નીચલું ફળિયું તા.આહવા) પોતાની બાઈક નં.(GJ 30 B 1581) પર પોતાના વતન ડાંગ જઈ રહ્યા હતા. દરમિયાન વ્યારાના રૂપવાડા ગામની સીમમાં કપુરા તરફ જતાં રોડ પર અજાણ્યા પિકઅપ ચાલકે ગફલતભરી રીતે પિકઅપ હંકારી લાવી મધુભાઈની બાઈકને સામેથી ટક્કર મારી હતી. આ બનાવમાં બાઈકચાલક મધુભાઈ અને તેની 40 વર્ષીય પત્ની લક્ષ્મીબેનને ગંભીર ઈજા થતાં સુરત નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાતાં લક્ષ્મીબેનનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જે અંગે મધુભાઈની ફરિયાદ લઈ વ્યારા પોલીસ મથકમાં અજાણ્યા પિકઅપ ચાલક વિરુદ્ધ અકસ્માતનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

## કુકરમુંડા APMCમાં મહાકાળી ટ્રેડર્સનો 'કાળો' કારોબાર!

**મામલતદાર** અને એપીએમસી ચેરમેનને ખેડૂતોએ આવેદનપત્ર આપ્યું



કુકરમુંડા: કુકરમુંડા તાલુકામાં વેપારીઓ દ્વારા માપતોલમાં હેરાફેરી થતી હોવાના આક્ષેપો સાથે ખેડૂતોમાં ભારે રોષ ફેલાયો છે. આ બાબતે કુકરમુંડા તાલુકાના ખેડૂતોએ મામલતદાર તથા કુકરમુંડા એપીએમસીના ચેરમેનને ગતરોજ આવેદનપત્ર પાઠવી ન્યાયની માંગ કરી છે. આવેદનપત્રમાં ખેડૂતો દ્વારા જણાવવામાં આવ્યું છે કે, કુકરમુંડા ખાતે તા.5/2/2026ના રોજ "મહાકાળી ટ્રેડર્સ" નામે દુકાન ચલાવતા વેપારી બાપુ ચૌધરી તેમજ ફૂલવાડી ત્રણ રસ્તા પર દુકાન ચલાવતા પંકજ ચૌધરી દ્વારા કેટલાક ખેડૂતો સાથે વજનમાં હેરાફેરી કરવામાં આવી હતી. જેથી ખેડૂતોએ માંગ કરી છે કે બાપુ ચૌધરી અને પંકજ ચૌધરીનાં લાઈસન્સ તાત્કાલિક રદ કરવામાં આવે. સાથે સાથે કુકરમુંડા ખાતે કાર્યરત તમામ વેપારીઓનાં લાઈસન્સ તથા માપતોલ સાધનોની સઘન તપાસ હાથ ધરવામાં આવે. ઉપરાંત કુકરમુંડામાં દુકાન ચલાવતા વેપારીઓના લાઈસન્સ સંબંધિત તમામ વિગતો જાહેર કરી ખેડૂતોને ઉપલબ્ધ કરાવવામાં આવે, જેથી ભવિષ્યમાં અન્ય ખેડૂતો સાથે કોઈ અન્યાય ન થાય.

અત્રે ઉલ્લેખનીય છે કે, કુકરમુંડા તાલુકાના બાલંબા ગામના વતની વસાવા મહેશભાઈ ગુંજાભાઈએ એરંડા વેચાણ દરમિયાન વજનમાં છેતરપિંડી થઈ હોવાનો આક્ષેપ કરી કુકરમુંડા પોલીસ સ્ટેશનમાં ગત તા.5/2/2026ના રોજ લેખિત અરજી આપી છે. તેમણે જણાવ્યું હતું કે, તેઓ પોતાની માલિકીના એરંડા વેચવા ગયા હતા ત્યારે કુકરમુંડા બસ સ્ટેન્ડ નજીક આવેલી મહાકાળી વેપારીની દુકાને ૪૦૦ કિલો એરંડામાંથી માત્ર ૩૭૯ કિલો દર્શાવવામાં આવ્યા હતા, જેથી ૨૧ કિલો જેટલી વજનમાં છેતરપિંડી થઈ છે તેમજ પૂરા પૈસા પણ ચૂકવાયા નથી. આથી વજન છેતરપિંડીના આક્ષેપો સાથે હોબાળો મચાવ્યો હતો. પરિસ્થિતિ તંગ બનતાં કુકરમુંડા પોલીસે ઘટના સ્થળે દોડી આવી ખેડૂતોને શાંત પાડ્યા હતા.

કુકરમુંડા APMC માર્કેટના ચેરમેન ઘનશ્યામભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ બંને ખાનગી વેપારીનું લાઈસન્સ રદ કરવા લેખિતમાં તાપી રજિસ્ટ્રારની કચેરીને રજૂઆત કરાશે. વધુમાં જણાવ્યું હતું કે, તમામ ખેડૂતોને પોતાનો પાક ઉપજ ખાનગી વેપારીને નહીં આપે અને APMC માર્કેટમાં હરાજી માટે લઈ આવે તેવી વિનંતી છે. APMC માર્કેટ હંમેશાં ખેડૂતોના હિત માટે ખડેપગે ઊભી છે.




## તેરા તુજકો અર્પણ અંતર્ગત 18 મોબાઇલ ફોન પરત કરાયા

બારડોલી: બારડોલીમાં સુરત ગ્રામ્ય પોલીસ દ્વારા તેરા તુજકો અર્પણ કાર્યક્રમ હેઠળ સરાહનીય કામગીરી કરવામાં આવી છે. બારડોલી ટાઉન પોલીસે ટેકનિકલ અને હ્યુમન સોર્સીસની મદદથી ૧૮ જેટલા ખોવાયેલા મોબાઈલ ફોન શોધી કાઢ્યા છે. આશરે ૨,૯૩,૦૦૦ રૂપિયાની કિંમતના આ મોબાઈલ ફોન વિભાગીય પોલીસ અધિક્ષક એચ.એલ.રાઠોડના દિશા-નિર્દેશમાં મૂળ માલિકોને પરત સોંપવામાં આવ્યા હતા. પોતાના કીમતી મોબાઈલ પરત મળતાં અરજદારોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો અને તેમણે બારડોલી પોલીસની આ કામગીરીની પ્રશંસા કરી હતી.

## વાવમાં મહિલાના ગળા પર ચપ્પુ મૂકીને ચેઇનની લૂંટ

**દોઢ** તોલાની સોનાની ચેઈનની લૂંટ થતાં પોલીસ ફરિયાદ

કામરેજ: મૂળ ભાવનગરના સણોસર અને હાલ કામરેજના વાવ ગામે કરુણેશ્વર પાર્કમાં મકાન નં.35માં કિરણબેન કિશનભાઈ ડોડિયા પરિવાર સાથે રહે છે. ત્રણ દિવસ અગાઉ પતિ અને પુત્ર બંને નિત્યક્રમ મુજબ નોકરી પર જતા રહ્યા હતા. સવારે ઘર કામ પતાવી આશરે 11.15 કલાકે ઘરમાં નીચે રહેતા મકાનમાલિક અરવિંદ ગજેરાના ઘરે બેસવા માટે ગયા હતા. એક કલાક બેસી 12.15 કલાકે ઘરનું બાકી કામ કરવા માટે પોતાના ઘરે ગયા હતા. રૂમનો દરવાજો બંધ કરી રૂમમાં જતાં રૂમમાં મૂકેલો કબાટનો દરવાજો ખુલ્લો જોતાં બાથરૂમમાંથી અવાજ આવતાં ત્યાં જઈને જોતાં અજાણ્યો ઈસમ ઘરમાં આવેલો હતો. અજાણ્યા ઈસમને જોઈને કિરણબેન ગભરાઈ જતાં બૂમો પાડવા લાગતાં અજાણ્ય ઈસમ કિરણબેન પાસે આવી તેના હાથમાં રહેલું ચપ્પુ બતાવી જણાવ્યું કે, બૂમો પાડીશ નહીં, ચૂપચાપ તારા ગળામાં પહેરલી સોનાની ચેઈન ઉતારી મને આપી દે અને ત્યાં દૂર બાથરૂમ બાજુ જતી રહે. નહીં તો તને જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપતા ડરી જતાં ગળામાં પહેરેલી દોઢ તોલાની સોનાની ચેઈન કિંમત રૂ.45000 લઈને ઘરનો દરવાજો ખોલી અજાણ્યો ઈસમ નાસી છૂટ્યો હતો. જે અંગે કામરેજ પોલીસ મથકમાં અજાણ્યા ઈસમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.


**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૧૧/૨૦૨૬
તા.૧૩/૦૧/૨૦૨૬

વાદી :- અલ્પેશકુમાર અરવિંદભાઈ વસાવા, રહે.તોગાપુર, ઝોરા ફળિયું, તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૪૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી ઉશ્કેર રામકુંડ ગ્રુપ ગ્રા.પં, તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૪૦

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી અલ્પેશકુમાર અરવિંદભાઈ વસાવા, રહે.તોગાપુર, ઝોરા ફળિયું, તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૪૦એ તેઓના દાદા માનસિંગભાઈ કરશનભાઈ વસાવાનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: માનસિંગભાઈ કરશનભાઈ વસાવા ૨. મરણ તારીખ: ૦૮/૦૫/૨૦૧૨ ૩. મરણનું સ્થળ: મોજે.તોગાપુર, તા.અરેઠ, જી.સુરત સબબ, ઉપરોક્ત વિગતે માનસિંગભાઈ કરશનભાઈ વસાવાના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૯/૦૨/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૩/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત



**Urgent Requirement**

Yarn Dyeing manufacturer
(Cotton/Viscose/Polyester/Linen etc.)

Helper -15 Nos
Driver -01 Nos
Dyeing Operator -04 Nos

AVNI YARNS PVT. LTD KADODRA
Plant located at Tantithaiya, Kadodra, Tal.Palsana Surat-394 305
MO: 9923278603



Milano MULTIPLEX
બારડોલી

Vadh 2
10:30am, 02:00pm, 09:30pm

Lagan Laagii Re-Gujarati
11:00am, 06:00pm

Mardaani 3
12:00pm, 07:00pm, 10:00pm

Border 2
01:00pm, 03:00pm, 05:30pm, 09:00pm

Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333



**મોજે : કંસાલી, તા. માંગરોલ, જી. સુરતનાં બ્લોક નં. ૨૨૮ તથા ૨૩૦ વાળી ખેતીની જમીનનાં વેચાણ અંગેની જાહેર નોટીસ**

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ માંગરોલનાં મોજે : કંસાલીની સીમમાં આવેલ બ્લોક નં. ૨૨૮ નું ક્ષે. ૪-૩૨-૮૫ ચો.મી. આકાર રૂ/. ૫.૫૬ પૈસા તથા બ્લોક નં. ૨૩૦ નું ક્ષે. ૪-૩૨-૮૬ ચો.મી. આકાર રૂ/. ૧૨.૫૦ પૈસાથી નોંધાયેલી ખેતીની જુની શરતની જરાયત જમીન કિશોર પરબતભાઈ ડોબરીયા વિગેરે, રહેવાસી : સુરતનાની સ્વતંત્ર માલીકીની તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની તેમજ ઉપરોકત જમીનોના ટાઈટલ ચોખ્ખા, ક્લીયર અને માર્કેટેબલ હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે, અને ટુંક સમયમાં હમારા અસીલ વેચાણ અવેજની પુરેપુરી રકમ ચુકવી સદરહું જમીનનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. જેથી ઉપરોકત જમીનમાં અન્ય કોઈનાં કાંઈ પણ પ્રકારનાં લાગભાગ, દરદાવો, હક્ક, હિસ્સો, હિત, સબંધ, ખાધા ખોરાકી યા લીયનનાં હક્કો યા ઈઝમેન્ટનાં હક્કો યા બેંક, મંડળી, સંસ્થા, રાજ્ય સરકારનાં કોઈ પણ ખાતા વિગેરેના બોજા, ચાર્જ, લેણું જોય યા વેચાણ વિરૂધ્ધ વાંધો હોય તો તેમણે આધારભુત લેખીત પુરાવા સહીત આ નોટીશ પ્રસિધ્ધિથી દિન-૭ માં હમોને લેખીતમાં જાણ કરવી. જો મજકુર મુદતમાં તેવા કોઈ હક્ક, વાંધા રજુ થશે નહી તો કોઈના હક્ક દાવા વિગેરે નથી અને હોય તો તે છોડી દીધા છે યાને વેવ કર્યા છે, તેવું માની હમારા અસીલ સદરહું જમીનનો રજી.વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ ભવિષ્યમાં જમીનનાં ટાઈટલ અંગે કોઈની કાંઈપણ તર-તકરાર તથા વાંધા ચાલશે નહી. જેની આથી જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.

મહિપાલસિંહ ડી. ચાવડા - એડવોકેટ
ઓફીસ : ૪૦૭, ચોથો માળ, કાશી પ્લાઝા, કામરેજ ગામ રોડ, કામરેજ ગામ, તા.કામરેજ, જી. સુરત. મો.નં. ૯૯૨૫૮ ૦૮૪૭૯